# Visit of External Affairs Minister to Slovakia and the Czech Republic (June 02-06, 2022)

June 01, 2022

# વિદેશ મંત્રીની સ્લોવેકિયા અને ચેક ગણરાજ્યની મુલાકાત (02-06 જૂન, 2022)

01 જૂન, 2022

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 02-06 જૂન, 2022 નાં રોજ સ્લોવેકિયા અને ચેક ગણરાજ્યની અધિકૃત મુલાકાત પર જશે.

02-04 જૂન, 2022 નાં રોજ બ્રાતિસ્લાવાની તેઓની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી  સ્લોવેકિયાનાં વડાપ્રધાન મહામહિમ શ્રીમાન એડ્યુઅર્ડ હેગરને મળશે અને સ્વોલિકીયાની વિદેશી અને યુરોપીયન બાબતોનાં મંત્રી મહામહિમ શ્રીમાન ઈવાન કોરકોક સાથે દ્વિપક્ષિય ચર્ચાઓ યોજશે.

તેઓ ગ્લોબસેક 2022 ફોરમમાં પણ હાજરી આપશે અને 'આગામી સ્તર પર મૈત્રી લઇ જવી: ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં મિત્ર રાષ્ટ્રો' વિષય પર પણ વક્તવ્ય આપશે.

ગ્લોબસેક 2022 ફોરમનાં અવકાશમાં વિદેશ મંત્રી  ઓસ્ટ્રિયાનાં યુરોપીયન અને આંતરરાષ્ટ્રિય બાબતોનાં મંત્રી મહામહિમ શ્રીમાન એલેક્ઝાંડર સ્કાલેનબર્ગ સાથે પણ મુલાકાત કરશે.

04-06 જૂન નાં રોજ ચેક ગણરાજ્યની તેઓની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી ચેક રીપબ્લિકનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન જાન લિપાવસ્કી સથે ચર્ચાઓ યોજશે. આ ચર્ચાઓ આપણા દ્વિપક્ષીય સહકારની વ્યાપક સમીક્ષા માટેની તક પ્રદાન કરશે. 01 જુલાઇ 2022 થી ચેક ગણરાજ્ય યુરોપીયન યુનીયન (ઈયુ) નું પ્રમુખ પદ ગ્રહણ કરશે.

બન્ને દેશાનાં રાજકીય આગેવાનોની મુલાકાત ઉપરાંત, વિદેશ મંત્રી સ્લોવેકિયા અને ચેક ગણરાજ્યમાં રહેલા ભારતીય વિદ્યાર્થીઓ સહિત આપણા ત્યાં વસતા દેશવાસીઓનનાં એક ભાગ સાથે પણ આદાનપ્રદાન કરશે.

ચેકોસ્લોવેકિયા અને ચેક ગણરાજ્ય એમ બન્ને સાથે ભારતનાં પરંપરાગત રીતે મૈત્રીપૂર્ણ અને નિકટનાં જોડાણો રહ્યા છે. વિદેશ મંત્રીની મુલાકાત આ બે કેન્દ્રિય યુરોપીયન દેશો સાથેનાં દ્વિપક્ષીય જોડાણોને વધારે વેગવાન બનાવશે.

**નવી દિલ્હી**
**01 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.